# સે-૨૧ શોપિંગમાં બંધ ફુવારા દુર કરી પાર્કીંગ પ્લેસ બનાવવાની યોજના હજુ અધ્ધરતાલ

**બે વર્ષ અગાઉ તત્કાલીન મુખ્ય સચિવે સુચના આપી હતી તેનો હજુ પણ અમલ થયો નથી : બંધ ફુવારાના સ્થાને ખદબદતી ગંદકી વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ**

ગાંધીનગર તા ૧૬

શહેરના મુખ્ય સે-૨૧ શોપિંગ સેન્ટરમાં છેલ્લા સાત વર્ષથી બંધ ફુવારાના લીધે શોપિંગ વિસ્તારની રોનક છીનવાઈ ગઈ છે. આ બંધ ફુવારાના ઠેકાણે પાર્કીંગ પ્લેસ બનાવાની કાર્યયોજના હજુ સાકાર થઈ નથી. અગાઉ તત્કાલીન મુખ્ય સચિવે શોપિંગ વિસ્તારની મુલાકાત લઈ શોપિંગ વચાળે સ્થિત આ કંગાળ ફુવારા દુર કરી પાર્કીંગ પ્લેસ બનાવવા માટે સુચના આપી હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી આ મામલો કાગળ પર જ અટવાયેલો રહેતા ઉચ્ચ કક્ષાએ થયેલી રજુઆતોના દૌરના અંતે પણ કોઈ પરિણામ આવ્યુ નથી. જેના પરિણામે ખદબતી ગંદકી વચ્ચે મચ્છર ઉત્પત્તિનુ સ્થાન બનેલા ફુવારાથી સ્થાનિક વેપારીઓ અને મુલાકાતીઓમાં મુંઝવણ સાથે રોષ પ્રવર્તયો છે. બંધ ફુવારાના સ્થાને પાર્કીંગ પ્લેસનુ નિર્માણ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ નગરના સ્થાનિક પ્રશ્નો હજુ પણ વણઉકેલ્યા છે. વહીવટી તંત્રની ખો આપવાની નિતીના લીધે જટીલ પ્રશ્નો હજુ ઉકેલ સુધી પહોંચી શક્યા નથી. નગરમાં ફુટપાથ અને રસ્તાના મામલે પણ સ્થાનિક નાગરિકોને ડગલે અને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ છે. ત્યારે શહેરના રહેણાંક વિસ્તારની સાથે કોર્મશિયલ વિસ્તારમાં પણ સમસ્યાના ઢગ ખડકાયા છે. નગરના સે-૨૧ શોપિંગ સેન્ટરમાં એક દાયકા અગાઉ રંગબેરંગી ફુવારા મુકવામાં આવ્યા હતા. લેન્ડ સ્કેપીંગ વચાળે ફુવારાના લીધે શોપિંગ

● અનુસંધાન પાન-૭ પર



જાંબુનું આગમન - ગ્રીષ્મ મધ્યાહ્ને પહોંચ્યો છે ત્યાં તો જેઠ મહિનાના જાંબુનું આગમન બજારમાં થઈ ગયું છે... રાયણ અને જાંબુ ગરમીના રક્ષક પણ ગણાય છે... અને રોગ પ્રતિકારક શક્તિ વધારવાની ઔષધી પણ ગણાય છે... ગ્રામીણ વિસ્તારમાં રાયણની બોલબાલા આજે પણ અકબંધ છે... જ્યારે જાંબુ તો સાર્વત્રિક ગમતું ફળ છે...

# જિલ્લાની ૪ નગરપાલિકાને રૂ. ૨.૬૨ કરોડ ગ્રાન્ટ ફળવાઈ

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી શહેરી સ્વર્ણિમ વિકાસ યોજના અંતર્ગત જિલ્લાની ચાર નગરપાલિકાઓને રૂ. ૨.૬૨ કરોડની રમક પ્રથમ હપ્તા પેટે ફાળવવામાં આવી છે.

ગઈ કાલે ટાઉનહોલમાં યોજાયેલ સમારોહ બાદ આજે મનપા અને નગરપાલિકાઓને ગ્રાન્ટનું ચુકવણું આર.જી.ટી.એલ.થી કરવાના હુકમો કરી દેવાયા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ નગરપાલિકાને રૂ. ૧.૨૫ કરોડ, માણસા તથા દહેગામ નગરપાલિકાને ૫૬.૫૬ લાખ રૂ. અને પેથાપુર નગરપાલિકાને રૂ. ૨૫ લાખની રકમ ફાળવવામાં આવી છે.

આ રકમમાંથી શહેરી વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરવાના રહેશે. આ માટેના આયોજન અને નકશા અંદાજો પણ સમયસર મોકલી આપવાની કડક તાકીદ કરવામાં આવી છે.

# કૃષિ મહોત્સવ માટે બસો ફાળવી દેવાતા મુસાફરોને આકરી ગરમીમાં હાલાકી

ગાંધીનગર તા ૧૬

શહેરમાં આજે આકરી ગરમીમાં ગાંધીનગર અમદાવાદ રૂટ વચ્ચે મુસાફરી કરતા અપડાઉનકર્તાઓએ મુંઝવણભરી સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો હતો. મહેસાણામાં આયોજિત કૃષિ મહોત્સવમાં ગાંધીનગર ડેપો દ્વારા ૧૫ જેટલી બસો ફાળવવામાં આવતા શહેરી બસ સેવાની ૨૦ ટ્રીપો રદ કરવામાં આવી હતી. જેના લીધે નગરજનોએ બસ સેવા માટે વલખા મારવાનો વારો આવ્યો હતો. આકરી ગરમીમાં બસ માટે નાગરિકોએ તડકે તપવાની નોબત આવી હતી.

મહેસાણા ખાતે આયોજિત કૃષિ મહોત્સવમાં ગાંધીનગર એસ ટી ડેપોએ ૧૫ બસો ફાળવી હતી. જયારે બસની ઘટના લીધે ડેપો દ્વારા ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી

## મહેસાણા કૃષિ મહોત્સવ માટે બસો ફાળવી દેવાતા શહેરી બસ સેવાની ૨૦ ટ્રીપો રદ કરાઇ

શહેરી બસ સેવામાં ૨૦ જેટલી ટ્રપો રદ કરી હતી. જયારે શહેરી બસ સેવામાં આજે ૧૫ ટકાનો કાપ આવતા મુસાફરોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. આકરી ગરમીમાં બસ માટે કાગડોળે રાહ જોઈને બેઠેલ મુસાફરોને બસ ન મળતા રોષ પ્રવર્તાયો હતો. ગાંધીનગર અમદાવાદ વચ્ચે આમ પણ ટ્રાફિક વધુ રહે છે. જયારે હાલ વેકેશનની સિઝનમાં રોજબરોજ એસ ટી બસમાં પણ વિશેષ ટ્રાફિક જોવા મળી રહયો છે.

આવા સંજોગોમાં કૃષિ મહોત્સવમાં બસો ફાળવવામાં આવતા શહેરી રૂટના મુસાફરો અટવાયા હતા. આકરી ગરમીમાં સેકટરોના સ્ટેન્ડ પર બસની વાટે ઉભેલા મુસાફરોને બસસેવા નસીબ થઈ ન હતી. શહેરી બસસેવાને અનુલક્ષીને આમ પણ રૂટનો અભ્યાસ કરી બસસેવાને અપગ્રેડ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે સરકારી કાર્યક્રમમાં બસ ફાળવી દેવાતા નાગરિકોને દુવિધા વેઠવાનો વારો આવે છે.

# જિલ્લાના ૭૨ ગામની ગૌચર જમીન પર ૨૯૪ જેટલા દબાણો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાની ૭૨ ગામોની ગૌચરમાં ૨૯૪ જેટલા દબાણકર્તાઓએ ગેરકાયદે દબાણ કર્યું હોવાનું તંત્રના ધ્યાને આવતાં તે તાત્કાલિક હટાવવા માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરના ૫૫ ગામ, કલોલના ૪ ગામ, માણસાના ૬ ગામ અને દહેગામના ૭ ગામોમાં આ દબાણ જણાઈ આવ્યા છે. તાજેતરમાં તાલુકા વિકાસ અધિકારીઓની મળેલી સમીક્ષા બેઠકમાં ગૌચરની જમીન પર થયેલા ગેરકાયદે દબાણો અંગેનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં દબાણોની સંખ્યા વધી રહી છે. પરંતુ ૭૨ ગામ એવા જણાયા છે જયાં ગૌચરમાં દબાણો થઈ ગયા છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઈએ ગૌચરમાં થયેલા દબાણો અંગે સખ્ત નારાજગી વ્યકત કરી અને તાત્કાલિક દૂર થાય તે દિશામાં કાર્યવાહી કરવા માટેની સૂચના આપી હતી. ગાંધીનગરમાં દબાણકર્તાઓ કેટલાક કિસ્સામાં કોર્ટમાં ગયાની વાત પણ સમીક્ષક દરમિયાન ધ્યાને આવી હતી. આ બાબતે જરુરી કાર્યવાહી કરવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# ગાંધીનગરમાં રાજ્યમાં સૌથી વધુ ૪૩ ડિગ્રી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-અમદાવાદ શહેર સહિત રાજયભરમાં બળબળતી ગરમીનો પ્રકોપ આજે પણ જારી રહ્યો હતો. ચામડી બાળી નાંખતી અને લૂથી દઝાડતી ગરમીથી નાગરિકો ત્રાહિમામ્ પોકારી ગયા હતા. ગરમીની અસરથી બચવા લોકો ઠંડકના ઉપાયો કરવા જાણે મજબૂર બન્યા હતા. આજે રાજયમાં સૌથી વધુ ગરમી અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૩ ડિગ્રી નોંધાઈ હતી. હવામાન ખાતાની આગાહી પ્રમાણે, હજુ પણ ગરમીનો કહેર જારી રહેશે.

ગાંધીનગર ઉપરાંત રાજયના ડીસા, ઈડર, વડોદરા, અમેરલી, પોરબંદર, સુરેન્દ્રનગર, કંડલા જેવા શહેરોમાં પણ ગરમીનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. જેને લઈ પ્રજાજનો આગ ઓકતી ગરમીમાં પરેશાન થઈ ગયા હતા.

ગાંધીનગરમાં આજે ગરમીનો પારો સૌથી વધુ ઉંચો ગયેલો નોંધાયો હતો. જેના કારણે અમદાવાદ અને ગાંધીનગરના નાગિરકોને ગરમીએ જાણે વધુ દઝાડયા હતા. આગ ઓકતી ગરમીને લઈ લોકોએ બને ત્યાં સુધી ગરમીમાં બહાર નીકળવાનું ટાળ્યું હતું.


Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010 Tel: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gspcgroup.com Email: investors.gspl@gspc.in

NOTICE

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 25th May, 2017, inter-alia, to consider and take on record the Audited Financial Results of the Company for the quarter & year ended on 31st March, 2017 and to recommend dividend, if any, for the financial year 2016-17.
The said intimation is also available on the Company's website viz. www.gujpetronet.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 15th May, 2017




ઘાસ વગરનું ગાયનું છાણીયું ખાતર વ્યાજબી ભાવે મળશે
રાયરડા (ડાભલા), થોળ પાસે
સંપર્ક
મો. : ૯૪૨૬૭૦૭૭૮૬, ૯૪૨૮૩૫૨૬૩૪, ૯૭૨૬૯૪૫૫૨૦



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



Sponsor
Sterlite Power
Sterlite Power Grid Ventures Limited


GROWTH
GROWTH PROSPECT
Right of first offer to sponsor's pipeline of 21 lines
> 90% DISTRIBUTION
of net cash available for distribution
EXTENSIVE EXPERIENCE
of sponsor in Power Transmission
AAA RATED
By CRISIL, India Ratings and ICRA
35 YEAR TERM*
of the initial portfolio assets
PREDICTABLE CASH FLOW
based on availability, irrespective of quantum of power
STABILITY
IndiGrid
A POWER TRANSMISSION INVIT
DISCLAIMER :
India Grid Trust acting through its Investment Manager is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its units representing an undivided beneficial interest in India Grid Trust ("Units"), and has filed an offer document dated May 8, 2017 ("Offer Document") with the SEBI, and the Stock Exchanges. The Offer Document will be available on the website of SEBI at www.sebi.gov.in, the BSE at www.bseindia.com, the NSE at www.nseindia.com and on the websites of the Lead Managers at www.morganstanley.com, www.online.citibank.co.in and www.edelweissfin.com. Investors should note that investment in the Units involves a degree of risk, and for details relating to the same, should refer to the Offer Document, including the section "Risk Factors" on page 42 of the Offer Document, and the section "Forward-Looking Statements" on page 16 of the Offer Document.
*33 years of residual life



રસોઈ માટે
રસોઈ બનાવવા માટે બ્રાહ્મણ બહેનની જરૂરી હોય તો સંપર્ક કરો.
મો. ૭૨૮૪૯૦૯૫૯૧



ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
design@imageink 9510254800



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com